પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૮ | ૮ નવેમ્બર, ૨૦૧૭, બુધવાર ; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નોટબંધીની વર્ષગાંઠે આક્ષેપોનું દંગલ

## નોટબંધી નહીં પણ ટુજી, કોલગેટ, કોમનવેલ્થ કાંડ લૂંટ હતા : જેટલી

**નોટબંધીને સંગઠિત લૂંટ કહેનાર મનમોહનસિંહ ઉપર પ્રહારો : નોટબંધી જેવા સુધારા અને જીએસટીને રજૂ કરવાથી કેટલાક પ્રભાવ થયા છે પરંતુ લાંબાગાળે લોકો ગર્વ સાથે આ મુદ્દે વાત કરશે**

નવીદિલ્હી,તા.૭

નોટબંધીને લઈને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આને લઈને આક્ષેપ




પ્રતિઆક્ષેપનો દોર વધુને વધુ તીવ્ર બની રહ્યો છે. નાણામંત્રી અરુણ જેટલી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ વચ્ચે નોટબંધીને લઈને આજે આક્ષેપોનો દોર જારી રહ્યો હતો. અરુણ જેટલીએ નોટબંધીને સંગઠિત લૂંટ કહેનાર પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની જોરદાર ઝાટકણી કાઢી હતી. જેટલીએ કહ્યું હતું કે, નોટબંધી એક નૈતિક પગલા તરીકે છે જેના કારણે ભ્રષ્ટાચારની જડ હચમચી ઉઠી છે. જેટલીએ કહ્યું હતું કે, નોટબંધી નહીં બલ્કે ટુજી, કોમનવેલ્થ ગેમ્સ, કોલગેટ સહિતમાં જે કંઈપણ થયું હતું તે લૂંટ તરીકે હતું. નોટબંધીને લાપરવાહી તરીકેના પગલા તરીકે ગણાવીને ગુજરાતમાં ચૂંટણી પ્રચાર દરમિયાન મનમોહનસિંહે કહ્યું હતું કે, સંસદમાં જે કંઈપણ વાત તેઓએ કરી હતી તે વાત ફરી કરી રહ્યા છે. નોટબંધીને સિંહે સંગઠિત અને કાયદાકીય લૂંટ ગણાવી હતી. નાણામંત્રીએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, રચનાત્મક સુધારાઓની અસર હવે ભૂતકાળ બની ચુકી છે. અમે રૂઆતી આર્થિક સુધારાની તરફ આગળ વધી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, નોટબંધી અને જીએસટીને રજૂ કરવાને લઈને કેટલાક પ્રભાવ રહ્યા છે પરંતુ લાંબા ગાળેથી આનાથી ફાયદો થશે. જેટલીએ ઉમેર્યું હતું કે, આવનાર પેઢી નોટબંધીના નિર્ણય અંગે ગર્વ સાથે વાત કરી શકશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, યુપીએ સરકારના ૧૦ વર્ષ પોલિસી પેરાલિસીસના દિવસો હતો. મોદી દેશને રચનાત્મક સુધારા મારફતે વિકસિત દેશ બનાવવા આગળ વધી રહ્યા છે.

● અનુસંધાન પાન-૫ પર

## આજે નોટબંધી બાદ પાર્ટ-૨ રોડમેપ જાહેરાતની શક્યતા

**આજે પ્રધાનમંત્રી મોદી કોઈ નવી યોજનાની જાહેરાત કરી શકે છે : નોટબંધી બાદ હવે બેનામી સંપત્તિને લઈ વધુ કઠોર રીતે આગળ વધવાની તૈયારી : ઉચ્ચસ્તરીય બેઠકોનો દોર જારી**

નવી દિલ્હી,તા. ૭

નોટબંધીની એક વર્ષની વર્ષગાંઠના પ્રસંગે આવતીકાલે કોઈ નવી યોજના પણ જાહેર કરવામાં આવી શકે છે. વડાપ્રધાન મોદી પોતે પાર્ટ-૨ની રુપરેખા રજૂ કરી શકે છે. પાર્ટ-૨ના રોડમેપને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા છે. નોટબંધીના એક વર્ષ બાદ આગામી રણનીતિ કેવી રહેશે તેનો સંકેત પણ મળવા લાગી ગયો છે. આને લઈને બેઠકોનો દોર જારી છે. ૧૦મી નવેમ્બરના દિવસે મોદીએ કેન્દ્રીય મંત્રીઓની મહત્વની બેઠક પણ બોલાવી છે જેમાં ભ્રષ્ટાચારની સામે આગામી જંગને લઈને વિસ્તૃત યોજના તૈયાર કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, વિપક્ષની ટિકા ટિપ્પણીને ફગાવી દઈને મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે નોટબંધીના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આવતીકાલે ૮મી નવેમ્બરના

● અનુસંધાન પાન-૫ પર

## આજે કોંગ્રેસ સહિત વિપક્ષ દેશમાં કાળો દિન મનાવશે

**કોંગ્રેસ સહિત ૧૮થી વધુ પક્ષ અનેક રાજ્યોમાં નોટબંધીનો વિરોધ કરી વિરોધ કરશે : ૧૨૦ લોકોના મોત : આઝાદ**

નવી દિલ્હી,તા. ૭

નોટબંધીને સદીના સૌથી મોટા કૌભાંડ તરીકે ગણાવીને વિરોધ પક્ષ કોંગ્રેસ સહિત ૧૮થી વધારે રાજકીય પક્ષો આવતીકાલે બુધવારના દિવસે નોટબંધીને એક વર્ષ પૂર્ણ થયાના દિવસે કાળો દિવસ મનાવશે. આ દિવસે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો દેશભરમાં વિરોધ પ્રદર્શન કરનાર છે. વિપક્ષે દાવો કર્યો છે કે નોટબંધીના કારણે અર્થવ્યવસ્થા અને નોકરીને ભારે નુકસાન થયુ છે. રાજ્યસભામાં વિપક્ષના નેતા ગુલામનબી આઝાદે કહ્યુ છે કે ગયા વર્ષે આઠમી નવેમ્બરના દિવસે

● અનુસંધાન પાન-૫ પર

## નોટબંધી મોદી સરકારની સૌથી મોટી ભુલ અને સંગઠિત લૂંટ

**નોટબંધી-જીએસટી અર્થવ્યવસ્થા માટે ઘાતક રહ્યા : નાના કારોબારીઓની કમર સંપૂર્ણપણે તુટી ગઈ છે : આયાતમાં ૨૩ ટકાનો વધારો થયો છે : નોટબંધી-જીએસટીથી દેશમાં ટેક્સ ટેરરીઝમ જેવી હાલત : મનમોહનસિંહ**

અમદાવાદ, તા.૭

નોટબંધીને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે ગુજરાત ચૂંટણી પ્રચાર માટે આવેલા દેશના પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આજે નોટબંધી અને જીએસટીને લઈને મોદી સરકાર ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મનમોહનસિંહે નોટબંધીને સરકારની સૌથી મોટી ભૂલ તરીકે ગણાવીને કહ્યું હતું કે, આ એક સંગઠિત લૂંટ તરીકે હતી. તેમણે ઉમેર્યું હતું કે, સંસદમાં પણ તેઓ અગાઉ કહી ચુક્યા છે અને આજે ફરી એકવાર દોહરાવી રહ્યા છે કે, આ એક સંગઠિત અને વૈધાનિક લૂંટ તરીકે હતી. જીએસટીને લઈને પણ મનમોહનસિંહે વિસ્તારપૂર્વક વાત કરી હતી. નોટબંધીના નિર્ણયની ઝાટકણી કાઢતા મનમોહનસિંહે કહ્યું હતું કે, નોટબંધી અને જીએસટી દેશની અર્થવ્યવસ્થા માટે ખુબ ઘાતક તરીકે સાબિત થઈ છે. નાના કારોબારીઓની કમર તુટી ગઈ છે. નોટબંધીનો વિનાશકારી એક વર્ષ પુરુ થયું છે. મનમોહનસિંહે આંકડાકીય માહિતી પણ પુરી પાડી હતી. મનમોહનસિંહે આંકડાકીય માહિતી આપતા કહ્યું હતું કે, એક વર્ષમાં આયાત ૨૩ ટકા વધીને ૪૫૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. આના માટે નોટબંધી અને જીએસટી ચોક્કસપણે જવાબદાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સમગ્ર દુનિયામાં એવો



એક પણ દેશ નથી જે દેશે આવા વિનાશકારી પગલા લીધા છે જેમાં ૮૬ ટકા કરન્સીનો સફાયો થઈ ગયો હતો. મનમોહનસિંહે આર્થિક રજૂઆત કરતા કહ્યું હતું કે, રોકડના ફેલાવાને રોકવા માટે નોટબંધી જેવા પગલાની અસર થતી નથી. મનમોહનસિંહે ગર્વ સાથે કહ્યું હતું કે, અમે ૧૪ કરોડ લોકોને ગરીબીમાંથી

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### રાજસ્થાન હાઈકોર્ટની ઓબીસી અનામત વધારાની મનાઈ

રાજસ્થાન સરકાર દ્વારા તાજેતરમાં ઓબીસી અનામતમાં કરાયેલ વધારા સામે હાઈકોર્ટે મનાઈ હૂકમ ફરમાવ્યો છે. આગામી ૧૩મીએ વધુ સુનવણી હાથ ધરાશે.

### ભાજપના નેતા જર્નાદન રેડ્ડી મુશ્કેલીમાં મુકાયા

માઈનીંગ કૌભાંડમાં કર્ણાટક સરકારે સીબીઆઈને કેસ રીફર કરતા કૌભાંડમાં સંડોવાયેલા મનાતા ભાજપના વરિષ્ઠ નેતા જર્નાદન રેડ્ડી સામે મુશ્કેલીઓ વધી છે.

### કારસેવકો પર ગોળીબાર મુદ્દે મુલાયમ સામે અરજી કરાઈ

સમાજવાદી પાર્ટીના સ્થાપક અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવની મુશ્કેલીઓ વધી રહી છે. મામલો વર્ષ ૧૯૯૦માં અયોધ્યામા 'કારસેવકો ઉપર ફાયરિંગ સાથે સંબંધિત છે. સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરીને કારસેવકો ઉપર કરવામાં આવેલા ગોળીબારના સંદર્ભમાં કેસ દાખલ કરાયો છે.

### લાલુએ તાંત્રિકને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવ્યા



લાલુ પ્રસાદ યાદવ ઘણા સમયથી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. પરિવાર અને રાજનીતિ સાથે જોડાયેલી પરેશાનીઓથી બચવા લાલુએ બાબાનો સહારો લીધો છે. આટલુ જ નહી લાલુએ તે બાબાને પોતાની પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા પણ બનાવી દીધા છે. લાલુએ શંકર ચરણ ત્રિપાઠીને પોતાની પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા બનાવ્યા છે.

# પુલવામા ત્રણ આતંકવાદી ઠાર

પુલવામા,તા.૭

જમ્મુ-કાશ્મીરના પુલવામા સેક્ટરમાં સોમવારે અથડામણ દરમિયાન ત્રણ આતંકી માર્યા ગયા છે. જેમાંથી એક આતંકી સંગઠન જૈશ-એ-મોહંમદનો પ્રમુખ મસૂદ અઝહરનો ભત્રીજો છે. તેનું નામ અબૂ તલ્હા રશીદ હતું. જૈશ-એ-મોહંમદના પ્રવક્તાએ નિવેદન જાહેર કરતા જણાવ્યું કે, સોમવારે



થયેલા એક્રાઉન્ટરમાં જે ત્રણ લોકો માર્યા ગયા હતા, તેમાંથી એક મસૂદ અઝહરનો ભત્રીજો હતો. તલ્હા રશીદ આઉટફીટ ડિવીઝનલનો કમાન્ડર હતો. પ્રવક્તાએ કહ્યું કે, એક દિવન આવશે, જ્યારે ભારતીય સેનાને ઘાટીમાંથી જવું પડશે. આ એક્રાઉન્ટરમાં ભારતીય સેનાનો એક જવાન શહીદ થયો છે.

સોમવારે ભારતીય સેનાને માહિતી મળી હતી કે, પુલવામાના અગલર ફાંડી વિસ્તારમાં કેટલાક આતંકીઓ છુપાયા છે અને તેઓ કોઈ મોટા હુમલાની તૈયારીઓ કરી રહ્યા છે. જેના બાદ સુરક્ષાદળ ત્યાં પહોંચ્યું હતું અને ઓપરેશન શરૂ કર્યું હતું. થોડા કલાકોના સર્ચ ઓપરેશન બાદ જવાનો ત્રણ આતંકીઓને ઠાર મારવામાં સફળ રહ્યા હતા.

સેનાના અધિકારીએ જણાવ્યું કે, સર્ચ ઓપરેશન દરમિયાન આતંકીઓએ સુરક્ષા દળો પર ગોળીઓ વરસાવી હતી. જેના બાદ બંને પક્ષો તરફથી ગોળીબારી થઈ હતી. તેમણે જણાવ્યું કે, ત્રણ આતંકીઓના માર્યા ગયા બાદ ગોળીબારી બંધ થઈ હતી. આ

**એક જવાન શહિદ, સ્થાનિક નાગરિક ગંભીર રીતે ઘાયલ : ઠાર કરાયેલા આતંકીઓ પાસેથી સેનાએ અમેરિકી સેનાના હથિયારો જપ્ત કર્યા**

ગોળીબારીમાં એક નાગરિક પણ ઘાયલ થયો છે.

જૈશના પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે, મારવામાં આવેલા અન્ય બે આતંકીઓના નામ મોહમ્મદ ભાઈ અને વસીમ છે. મોહમ્મદ જૈશના ડિવીઝનલ કમાન્ડર હતા, જે કાશ્મીરના રહેવાસી ન હતો. વસીમ પુલવામાના દ્રુષગામનો હતો.

## ટેરર ફંડિંગ મામલે ૩૬ કરોડની કરન્સી સાથે ૯ની ધરપકડ

**એનઆઈએ દ્વારા જોરદાર કાર્યવાહી : જંગી નાણા જપ્ત કરવામાં આવ્યા બાદ ચકાસણીનો દોર**



શ્રીનગર, તા. ૭

કાશ્મીરમાં હિંસા માટે ત્રાસવાદ સંગઠનો અને હવાલા મારફતે થતી ફંડિંગની તપાસ કરી રહેલી એનઆઈએ દ્વારા આજે મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં ૩૬ કરોડ રૂપિયાની ગેરકાયદે કરન્સી સહિત નવ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ધરપકડમાં એનઆઈએ દ્વારા જંગી રકમ જપ્ત કરવામાં આવ્યા બાદ તપાસ ચાલી રહી છે. મળેલી માહિતી મુજબ એનઆઈએ તરફથી કરવામાં આવેલી આ કાર્યવાહી બાદ ધરપકડ કરાયેલા લોકોની પુછપરછ કરવામાં આવી રહી છે. બીજી બાજુ તપાસ સંસ્થાઓ આ બાબતમાં પણ તપાસ કરી રહી છે કે, આટલી મોટી સંખ્યામાં ચલણથી બહાર થયેલી રકમ તેમના સુધી કઈ રીતે પહોચી હતી.

● અનુસંધાન પાન-૫ પર

# દિલ્હીમાં ગાઢ ધુમ્મસને પગલે હાઈએલર્ટ

**શાળા કોલેજોમાં રજા જાહેર : લોકોને શ્વાસ લેવામાં તકલીફ, આંખોમાં બળતરા, ૨૦ ફ્લાઈટોને અસર : દિલ્હી- એનસીઆરમાં વિઝીબીલીટી ૫૦ મીટર ઘટી, ૩ દિવસ ધુમ્મસનું સામ્રાજય રહેશે, ૧૨ જેટલી ટ્રેન મોડી**

ન્યુ દિલ્હી,તા.૭

દિલ્હીમાં ફરી એક વાર ઝેરીલું સ્મોગ પાછું આવ્યું છે.



સોમવારની સાંજે સ્મોગને કારણે વિઝિબિલિટી ઘટીને ૫૦૦ મીટર સુધી પહોંચી ગઈ હતી. આજે સવારે હાલત વધુ ખરાબ રહી. દિલ્હી-એનસીઆર જાણે સ્મોગની ચાદરમાં લપેટાઈ ગયું છે. કેટલાક વિસ્તારોમાં એર કવોલિટી અત્યંત ખરાબ હતી અને તેમાં ચાર-પાંચ દિવસ સુધી કોઈ રાહતના અણસાર નથી. સ્મોગના કારણે આજે સવારે રસ્તાઓ પર ઓછો ટ્રાફિક દેખાયો. ૧૨ ટ્રેનો સ્મોગના કારણે મોડી ચાલી રહી છે.

ધુમ્મસ અને ધુમાડાના લીધે ઈન્ડિયા ગેટ, રાષ્ટ્રપતિ ભવન જેવી બિલ્ડિંગને નજીકથી જોવાનું મુશ્કેલ બની ગયું છે. પ્રદૂષણનું સ્તર ખતરાના નિશાન કરતાં પણ આગળ વધી રહ્યું છે. તેને જોતાં ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને દિલ્હી સરકારને પત્ર લખ્યો છે.

આઈએમએ એ દિલ્હીની સ્કૂલોન કહ્યું છે કે તેઓ થોડાંક સુધી બાળકોને આઉટડોર એક્ટિવિટિ ન

● અનુસંધાન પાન-૫ પર

## પંજાબના ફિરોઝપુર પાસે ધુમ્મસને કારણે ભયંકર અકસ્માત, ૧૪ના મોત

ફિરોઝપુર,તા.૭

પંજાબમાં રોડવેઝ ઉપર બસ અને ટ્રોલીનો અકસ્માત થતા નાસભાગ મચી ગઈ હતી. આ અકસ્માતમાં ૧૪ જણાના મોતના સમાચાર આવ્યા છે. સવારની ધુમ્મને કારમે આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. બસ ડ્રાઈવર, કંડકટ્ર અને ટ્રોલી ડ્રાઈવરનું ઘટના સ્થળે જ મોત થયુ હતુ. સવારે સાત વાગ્યે આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો પંજાબના ફિરોજપુરના કરિકલન ગામ નજીક આ અકસ્માત થયો હતો.

આ અકસ્માત એટલો જબરજસ્ત હતી કે બસના કુચ્ચા બોલી ગયા હતા. આ ઘટનાની ખબર મળતા જ આસ પાડશોના ગ્રામજનો મદદ માટે દોડી આવ્યા હતા અને તુરંત જ બચાવ અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ.

**જોઈએ છે**

**સિવિલ એન્જિનિયર**

સાઈટ એન્જિનિયર તરીકે અનુભવી Civil Engineer જોઈએ છે.

સિનિયર - ૭ વર્ષનો અનુભવ
જુનિયર - ૨ વર્ષનો અનુભવ

સંપર્ક : ૯૯૭૯૮ ૭૬૭૯૮

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય